પુષ્ય નક્ષત્રઃ

આ વર્ષથી સંબંધોમાં શુકન કરીએ

પુષ્ય નક્ષત્રે સોનું-ચાંદી ખરીદવાની પરંપરા છે પણ ક્યારેક લાગણીનું એક નાનકડું શુકન આખા પરિવારની ખુશીઓ પાછી લાવી શકે છે!

સોનું-ચાંદી ખરીદવાથી ઘરની સમૃદ્ધિ વધે છે એવી આપણી શ્રદ્ધા છે પરંતુ સંબંધોમાં પ્રેમ, લાગણી અને હૂંફનું નાનકડું શુકન કરીએ તો આખા પરિવારની ખુશીઓ વધી શકે છે. ક્યારેક એક નાનકડું શુકન સંબંધોની નવી શરૂઆત બની જાય છે.

પુષ્ય નક્ષત્રને આપણી સંસ્કૃતિમાં ખૂબ શુભ માનવામાં આવે છે. ખાસ કરીને ગુરુ પુષ્ય અને રવિ પુષ્યના દિવસે સોનું, ચાંદી અને અન્ય શુભ વસ્તુઓ ખરીદવાની પરંપરા છે. **પુષ્યનો અર્થ જ પોષણ કરનાર એવો થાય છે પરંતુ ક્યારેય વિચાર્યું છે કે આપણે ઘરની સમૃદ્ધિનું પોષણ કરવા જેટલા ઉત્સુક હોઈએ છીએ, એટલા જ સંબંધોનું પોષણ કરવા માટે પણ હોઈએ છીએ ખરા?**

આ સંદર્ભમાં મને મારા જીવનનો એક અનુભવ યાદ આવે છે.

એક વખત પુષ્ય નક્ષત્રના દિવસે હું શુકનની ચાંદી ખરીદવા જ્વેલર્સની દુકાને ગઈ હતી. ત્યાં એક પરિચિત, અત્યંત સમૃદ્ધ પરિવારનાં બહેન મળ્યાં. ખૂબ પ્રેમથી વાત કરી, પરંતુ તેમના ચહેરા પર ઉદાસી સ્પષ્ટ દેખાતી હતી. તેમણે ધીમેથી કહ્યું, “બહેન, મારે તમને મળવું હતું. ઘરમાં બહુ તકલીફ છે. પતિનો સ્વભાવ ગુસ્સાવાળો છે. પુત્ર અને પુત્રવધૂ સાથે બોલાચાલી થતાં તેઓ ઘર છોડીને ચાલ્યાં ગયાં છે.”

મને યાદ આવ્યું કે થોડાં વર્ષ પહેલાં તેમની દીકરીએ પણ માતા-પિતાની મરજી વિરુદ્ધ લગ્ન કર્યાં હતાં. મેં તેના વિશે પૂછ્યું તો કહ્યું, “દીકરી સુખી છે પણ તેના પપ્પાએ આજ સુધી તેને ઘરે આવવા દીધી નથી.” સામે સોનાં-ચાંદીના દાગીના હતા પરંતુ આ માતાના ચહેરા પર સંતાનોના વિયોગનું દુઃખ હતું!

મેં તેમને કહ્યું, “દિવાળી નજીક છે. આજે પુષ્ય નક્ષત્ર છે. તમે શુકનની ખરીદી કરવા આવ્યાં છો તો દીકરી અને પુત્રવધૂ માટે પણ કંઈક ખરીદો. તમારી મમતાના આવરણમાં વીંટાળીને તેમને મોકલી આપો. કદાચ આ નાનકડું શુકન કોઈ મોટી ખુશીનું નિમિત્ત બની જાય!” તેમણે એમ જ કર્યું.

બીજે દિવસે સવારે તેમનો ઉત્સાહભર્યો ફોન આવ્યો. “બહેન, બંનેએ ભેટ સ્વીકારી અને મને મળવા કેફેમાં બોલાવી છે. તમે પણ સાથે આવશો?” તેમના આગ્રહથી હું ગઈ. હળવી વાતો, હાસ્ય અને સંવાદ વચ્ચે કેટલીક ગેરસમજો દૂર કરવાનો પ્રયાસ થયો. ત્યાર બાદ દીકરી અને પુત્રવધૂએ સાથે મળીને પિતાનું મન જીતવાનું નક્કી કર્યું. બીજે દિવસે બંને પોતાનાં સંતાનો સાથે વડીલોના આશીર્વાદ લેવા ગયાં. ધીમે ધીમે ઘરની કડવાશ ઓગળવા લાગી અને આખરે પરિવારે દિવાળી સાથે ઉજવી!

> **પુષ્યનો અર્થ જ પોષણ કરનાર એવો થાય છે પરંતુ ક્યારેય વિચાર્યું છે કે આપણે ઘરની સમૃદ્ધિનું પોષણ કરવા જેટલા ઉત્સુક હોઈએ છીએ, એટલા જ સંબંધોનું પોષણ કરવા માટે પણ હોઈએ છીએ ખરા?**

વિચાર કરો! શુકન માટે ખરીદેલી નાનકડી ભેટ સંબંધો માટે કેટલું મોટું શુકન બની ગઈ!

આ ઘટનાએ મને ફરી સમજાવ્યું કે **સંબંધોને માત્ર સાચવવાના નથી, સમયાંતરે પોષવાના પણ છે.** ઘણી વખત આપણે કોઈ પ્રસંગે મોંઘી ભેટ આપીએ છીએ પરંતુ રોજિંદા જીવનમાં લાગણીઓ વ્યક્ત કરવામાં કંજૂસાઈ કરીએ છીએ. સંબંધોમાં શુકન એટલે માત્ર ભેટ આપવી નહીં પરંતુ કોઈના જીવનમાં આનંદ, વિશ્વાસ અને હૂંફ ઉમેરવાનો નાનકડો પ્રયત્ન. જેમ કે, ઘરનાં વડીલ દાદા- દાદીને જન્મદિવસે એક ફુગ્ગો કે પિપૂડી ભેટ આપી બાળપણની દુનિયામાં લઈ જઈ આનંદમાં રમતા કરી દેવાં, બાળકને રંગ આપી ઘરની એક દીવાલ ચીતરવા આપી દેવી, પતિ કે પત્નીને અચાનક હળવું આલિંગન આપી ચકિત કરી દેવા, મિત્રના જન્મદિવસે ઢોલ લઈ પહોંચી જવું ,ભાઈ કે બહેન પાસે બાળપણની રમત લઈ સાથે રમવા બેસી જવું, પાડોશીના ઘરે ખાસ દિવસે ખાવાનું ઢાંકી આવવું .

તો ચાલો, સંબંધોમાં આવાં પણ થોડાં શુકન કરતાં શીખીએ.

સમયનું શુકનઃ

કોઈ વડીલને મળવા જવું, સંતાનો સાથે નિરાંતે બેસવું કે જીવનસાથીને ધ્યાનથી સાંભળવું. સમયથી મોટી ભેટ કઈ?

શબ્દોનું શુકનઃ

“તું મને ખૂબ વહાલો છે”, “તારા માટે મને ગર્વ છે”, “મારી ભૂલ થઈ” કે “તારો આભાર” જેવા શબ્દો સંબંધોમાં નવી હૂંફ લાવે છે.

પહેલનું શુકનઃ

અબોલા હોય ત્યારે સામેથી ફોન કરવો, તહેવારની શુભેચ્છા મોકલવી કે મળવાનો પ્રયાસ કરવો. દરેક વખતે પહેલ કરવાથી આપણું માન ઘટતું નથી પણ વધે છે.

સમજણનું શુકનઃ

કોઈના નિર્ણય સાથે અસહમત હોઈએ છતાં તેની લાગણીઓને સમજવાનો પ્રયત્ન કરવો. સંબંધ સાચવવા માટે દરેક વાતમાં સહમત થવું જરૂરી નથી.

સન્માનનું શુકનઃ

પરિવારના સભ્યોની પસંદગી, સ્વતંત્રતા અને લાગણીઓને માન આપવું. ખાસ કરીને સંતાનો મોટાં થાય ત્યારે પ્રેમ સાથે સ્વીકાર અને સંવાદ પણ જરૂરી છે. અલબત્ત, દરેક તૂટેલો સંબંધ એક ભેટથી જોડાઈ જતો નથી. જ્યાં ગંભીર અપમાન, અન્યાય કે અસુરક્ષાનો પ્રશ્ન હોય ત્યાં યોગ્ય મર્યાદા અને પરસ્પર પરિવર્તન પણ જરૂરી છે પરંતુ જ્યાં માત્ર અહંકાર, ગેરસમજ કે સંવાદનો અભાવ હોય, ત્યાં નાનકડી પહેલ મોટો બદલાવ લાવી શકે છે.

પુષ્ય નક્ષત્ર આપણને પોષણનો સુંદર સંદેશ આપે છે. છોડને જેમ પાણી, પ્રકાશ અને સંભાળ જોઈએ તેમ સંબંધોને સમય, પ્રેમની અનુભૂતિ, વિશ્વાસ અને સન્માન જોઈએ. આ પોષણ માત્ર તહેવારે નહીં, આખું વર્ષ આપવું પડે. **આ પુષ્ય નક્ષત્રે સોનું-ચાંદી અવશ્ય ખરીદીએ પરંતુ સાથે એક સંકલ્પ પણ કરીએ કે કોઈ એક સંબંધમાં પ્રેમનું નાનકડું શુકન કરીશું.**

કારણ કે સોનું તિજોરીની શોભા વધારે છે, જ્યારે લાગણીનું શુકન આખા ઘરની રોનક વધારે છે. આ પુષ્ય નક્ષત્રે એક પ્રશ્ન પોતાની જાતને પૂછીએ - ઘરમાં સમૃદ્ધિ લાવવા માટે તો શુકન કર્યું પણ કોઈના મનમાં ખુશી લાવવા માટે શું કર્યું? પૂછીને અટકી ન જતા, ફળની અપેક્ષા વિના કર્મ જરૂર કરજો અને બને તો મને જણાવજો જરૂર.

- Instagram@gita.shroff